રાજયમાં સુક્ષ્મ સિંચાઇ યોજના, ટપક અને ફુવારા પધ્ધતિ અન્વયે બધાજ વર્ગના ખેડૂતોને સબસીડીની સહાયના ધોરણોમાં વધારો કરવા બાબત.

Inward No.: 53
04 APR 2017
GGRC - VADODARA

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)પાર્ટ-૫/ન
સચિવાલય, ગાંધીનગર
તા. 03/04/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન. તા.૦૯/૦૫/૨૦૦૫.
(૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન. તા.૩૧/03/૨૦૦૮.
(3) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)-પાર્ટ-૩-ન. તા.03/04/૨૦૧૨
(૪) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)-પાર્ટ-૨-ન. તા.03/01/૨૦૧૫
(૫) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)-પાર્ટ-૨-ન. તા.૧૯/03/૨૦૧૫

આમુખઃ-

સમગ્ર રાજયમાં સુક્ષ્મ સિંચાઇ / ટપક / ફુવારા / રેઇનગન્સ / પોરસપાઇપ/ (Micro Irrigation / Drip / Spnnkler / Rainguns / Porous pipes) પધ્ધતિના સરળ અને એકસમાન અમલીકરણ થઇ શકે તે માટે તથા તેનો લાભ વધુ ને વધુ ખેડૂતોને સહેલાઇથી મળી શકે તે માટે એક સંકલીત યોજના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૯/૦૫/૨૦૦૫ના ઠરાવથી અમલમાં મુકાયેલ છે. ઉકત યોજના અનુસાર તા.૩૧/03/૨૦૦૮, તા.03/04/૨૦૧૨, તા.03/01/૨૦૧૫ તેમજ તા.૧૯/03/૨૦૧૫ના ઠરાવથી નક્કી થયા મુજબ રાજયમા સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવતા ખેડૂતોને કુલ એમ.આઇ.એસ.ની યુનિટ કોસ્ટ અન્વયે રાજય સરકારની સબસીડી સહાયના ધોરણો નકકી કરવામાં આવેલ છે.

રાજ્યમાં સિંચાઇ માટે ઉપલબ્ધ પાણીનો વધુમાં વધુ ક્ષમતાથી ઉપયોગ થાય તે માટે વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો સુક્ષ્મ સિંચાઇ અપનાવવા માટે પ્રોસ્તાહિત થાય તે માટે પ્રવર્તમાન સબસીડીના ધોરણોમાં વધારો કરવાનું રાજ્ય સરકારની વિચારાધીન હતું.

ઠરાવ :

સરકારશ્રી ધ્વારા પૂર્ણ વિચારણાના અંતે રાજયમાં સુક્ષ્મ સિંચાઇ યોજના માટે સરકારશ્રીએ દરેક કેટેગરીના ખેડૂતો માટે હાલના સબસીડીના ધોરણોમાં ૧૦% નો વધારો કરવા નિર્ણય કરેલ છે. પરંતુ, ડાર્ક ઝોન વિસ્તારમાં SC/ST કેટેગરીના ખેડૂતોને હાલમાં ૮૫% મુજબ

સબસીડીનો લાભ આપવામાં આવે છે. આથી, કેબીનેટ સબકમિટીના નિર્ણયને ધ્યાને લેતાં, તેમાં ૫% નો જ વધારો કરી ૯૦% સબસીડીની મર્યાદામાં રહીને બધીજ કેટેગરીના ખેડૂતોને નીચેના ટેબલમાં દર્શાવ્યા મુજબ સબસીડી આપવા માટે ઠરાવેલ છે.

| ક્રમ | ખેડૂત વર્ગ | નોન ડાર્ક ઝોન વિસ્તાર | ડાર્કઝોન વિસ્તારના ૫૭ તાલુકા માટે |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વર્ગ: (બે અને બે હેકટરથી વધારે જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૬૦% સુધી અથવા રૂ.૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂ.૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |
| ૨ | સમાન્ય વર્ગ: નાના અને સિમાંત ખેડૂતો (૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂ.૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૦% સુધી અથવા રૂ.૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |
| ૩ | અનુસુચિત જાતિ / જનજાતિ (આદિજાતિ વિસ્તારના ખેડૂતો) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૫% સુધી અથવા રૂ.૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૯૦% સુધી અથવા રૂ.૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |

આ ઠરાવની જોગવાઇનો અમલ તારીખ ૦૧/૦૪/૨૦૧૭ થી કરવાનો રહેશે તથા વંચાણમાં લીધેલ અન્ય ઠરાવોની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.બી.પટેલ)
ઉપ સચિવ,(નર્મદા)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ

નકલ સાદર રવાના પ્રતિ:-

૧. માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણાં, નર્મદા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૪. માન. મંત્રીશ્રી (કૃષિ અને સહકાર) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. માન.રા.ક.મંત્રીશ્રી (જ.સં.(સ્વ.હ.)) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૮. મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૯. અધ્યક્ષશ્રી અને વહિવટી સંચાલકશ્રી, સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
૧૦. અધ્યક્ષશ્રી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની, મુ. ફર્ટીલાઇઝરનગર, જિ.વડોદરા.
૧૧. અધ્યક્ષશ્રી, જી.ઇ.બી. વડોદરા.
૧૨. અધ્યક્ષશ્રી, ગુજરાત એગ્રો લી. ગાંધીનગર.
૧૩. અધિક મુખ્ય સચિવશ્રી,કૃષિ અને સહકાર, સચિવાલય, ગાંધીનગર.
૧૪. અગ્ર સચિવશ્રી (ખર્ચ નાણા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૫. અગ્ર સચિવશ્રી (મહેસુલ વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૬. અગ્ર સચિવશ્રી (વન અને પર્યાવરણ વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૭. અગ્ર સચિવશ્રી (ઉર્જા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૮. અગ્ર સચિવશ્રી (જ.સં.) ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૯. સંયુકત વહિવટી નિયામકશ્રી, સ.સ.ન.નિ.લિ., સચિવાલય, ગાંધીનગર.
૨૦. સચિવશ્રી (આ.બા.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૧. સચિવશ્રી (કૃષિ) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૨. સચિવશ્રી (નર્મદા) ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૩. સચિવશ્રી (તમામ), સચિવાલય, ગાંધીનગર.
૨૪. વહીવટી સંચાલકશ્રી ગુજરાત ગ્રીન રીવોલ્યુશનકંપની, વડોદરા.
૨૫. સંચાલકશ્રી (વહીવટ) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. વડોદરા.
૨૬. સીલેકટ ફાઇલ.